Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

# JAINA DHARMA PRAKASHA.

પુસ્તક ૮ મું. ફાલ્ગુન શુદિ ૧૫ સંવત ૧૯૪૯ અંક ૧૨ મો.

शार्दूलविक्रीडित.

कृत्वार्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वागमं ।
हित्वा संगमधर्मकर्मठधियां पात्रेषु दत्वा धनं ॥
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्वांतरारिव्रजं ।
स्मृत्वा पंचनमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टंसुखं ॥१॥

प्रगटकर्त्ता.

## श्री जैनधर्मप्रसारक सभा.

ભાવનગર.

अमदावादमां—"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી પ્રસિદ્ધ કર્યું
શક ૧૮૧૪. સન ૧૮૯૩
મૂલ્ય વર્ષ ૧ નો રૂ ૧) અગાઉથી પોસ્ટેજ રૂ૦–૩–૦ જૂદું.
છુટક અંક એકનો રૂ૦–૨–૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## अनुक्रमाणिका.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧ સ્વજન તેજ ભવાંતરમાં તરે (પદ્ય) | ૧૭૭ |
| ૨ માયા (શ્રીમલ્લીનાથજી ચરિત્ર) | ૧૭૮ |
| ૩ સંબોધ સત્તરી. | ૧૮૨ |
| ૪ નેમિદૂત (સમશ્લોકી ભાષાંતર યુક્ત) | ૧૮૭ |
| ૫ પ્રતિક્રમણ. | ૧૯૦ |
| ૬ શ્રી સંઘ સ્તુતિ. | ૧૯૨ |


ચોપાનીયું રખડતું મુકી આશાતના કરવી નહીં.


## ગ્રાહકોને ભેટ.

### श्री शत्रुंजय महिमा गर्भित

### શુકરાજ ચરિત્ર.

ચરિતાવળીની વાનકી તરીકે આ અત્યંત રસીક અને બોધદાયક ચરિત્ર આ વર્ષને માટે ગ્રાહક વર્ગને ભેટ તરીકે આપવાનું નિર્માણ કરેલું છે અને તેટલા માટે જુદું છપાવવું શરૂ કર્યું છે. થોડા વખતમાં તૈયાર થઇ જશે માટે લવાજમ ન મોકલાવ્યું હોય તેમણે ટપાલ ખર્ચના અરધાઆના સહીત રૂ૧-૩-૬ તરત મોકલાવવું અને લવાજમ મોકલ્યા છતાં ભેટને માટે ટપાલ ખર્ચ ન મોકલ્યું હોય તેમણે અરધોઆનો મોકલી બુક મંગાવી લેવી. ચરિતાવળીમાં આવી આવી રસીક ૧૫ કથાઓનો સંગ્રહ છે.

## ( ભાવ ઘટાડયો છે. )

## સઝાયમાળા.

કિંમત રૂ ૨ા

ભીમશી માણેકના છાપાની શુદ્ધ શાસ્ત્રી ટાઇપથી ઉંચા કાગળ ઉપર છાપીને પાકા પુંઠાલી બંધાવેલી છે. આઠ પેજી મોટા ૫૦ ફારમ ઉપરાંત છે. સઝાયો ૫૨૧ રસીક રસીક અને ઉ-


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# श्री जैनधर्मप्रकाश.

## JAINA DHARMA PRAKASHA.

દોહરો.

જીનમતરસ રસનાથકી, પાનકરો પ્રતિમાસ;
રસિકજનો રસમગ્ન થૈ, વાંચી જૈનપ્રકાશ.

પુસ્તક ૮ મું. શક ૧૮૧૪ ફાલ્ગુન શુદ્ધિ ૧૫ સંવત ૧૯૪૯ અંક ૧૨ મો.


# स्वजन तेज भवांतरमां तरे.

### દ્રુતવાલંબીત છંદ.

પર દુઃખે દુઃખી થાય દયાળુ જે, સરવ જીવ વિષે કરૂણાળુ તે;
પરમ ધર્મ તણી સરધા ધરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે. ૧
વિવીધ વાત વિનોદજ ધર્મની, વળી કરે કથના શુભ મર્મની;
ગુણ ગૃહે દુરગુણ દુરે કરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે. ૨
જીનપતિ તણી સેવ સદા કરે, સુગુરૂનો ઉપદેશ ચીતે ધરે;
વચન સત્ય સદા મુખ ઊચરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે. ૩
વિનય પુર્વક વાણી વદે સદા, ગુણીજનો તણી ભક્તિ કરે તથા;
કપટ કાર્ય ન કોદીન આચરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે. ૪
વિવિધ વિદ્ય તણા ગુણને ગૃહે, અવર અવગુણના મુળને દહે;
વળી વિચાર ભલા ચિત્તમાં કરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે. ૫
પરત્રીયા નીજ માતુ પરે ગણે, પરીજનો પર દ્વેશી ન તે બને;
પરમ પંડીતતાઈજ આદરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે. ૬
વડીલ વર્ગ તણી શીખ માનવી, વળી કુચાલ ન કોદીન ચાલવી;
ધરમ કાર્ય પ્રતીદીન જે કરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખ વિષે ધરે ધૈર્યજ તે તથા, સુખ વિષે નહી લેશ ખુશી તથા;
સુખ દુઃખે સમ ભાવજ આદરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે. ૮
નીત્ય દીયે શુભ પાત્રજ દાનને, ગ્રહણ જેહ કરે ગુણ જ્ઞાનને;
વ્રત અને પચખાણ પ્રીતે કરે, સ્વજન તેજ ભવાંતરમાં તરે. ૯

દે. ડા.

---

# माया.

## શ્રી મલ્લીનાથજી ચરિત્ર.

( અનુસંધાન પૃષ્ટ ૧૬૯ મેથી. )

હવે તેજ પ્રસંગે શ્રી કાશીદેશના રાજા તરફથી ચોથો દૂત પણ આવ્યો તેનું આગમન કારણ આ પ્રમાણે—

એકદા મલ્લીકુંવરીના અરહન્નક શ્રાવકે અર્પણ કરેલા દેવ સંબંધી કુંડળની સાંધ છુટી પડી ગઇ એટલે કુંભરાજાએ તત્કાળ તેને સંધાવવા માટે સોનીઓના સમુદાયને રાજ્ય સભામાં તેડાવ્યા અને તે કુંડળ યુગળની સાંધ મેળવી દેવા કહ્યું. તેમણે રાજાની આજ્ઞા મસ્તકે ચડાવીને તે દેવ સંબંધી કુંડળ લીધું. સંધી મેળવવા માટે પોતાને સ્થાનકે આવી એરણ ઉપર મુકીને બહુ બહુ પ્રકારે પ્રયાસ કર્યો, બુદ્ધિવાન્ સોનીઓએ એકઠા મળીને વિચાર પણ ઘણો કર્યો પણ કોઇ પ્રકારે તે દેવ સંબંધી કુંડળની સંધી મેળવવાને-એક રૂપ કરી દેવાને તેઓ સમર્થ ન થયા. એટલે છેવટે થાકીને તેઓ સઘળા જ્યાં કુંભરાજા બેઠેલા છે ત્યાં આવ્યા અને બે હાથ જોડી કહેવા લાગ્યા કે "હે રાજેંદ્ર! આપે આપેલ કુંડળ યુગળ લઈ જઇને તેની સાંધ મેળવવા માટે અમે ઘણી કળાઓ કેળવી પરંતુ કોઈ રીતે સાંધ મળી શકી નહીં માટે જો આપ આજ્ઞા કરો તો અમે એ કુંડળ યુગળની જેવુંજ બીજું કુંડળ યુગળ ઘડી આપીએ. એવું નવું બનાવવાની તો અમારી શક્તિ છે પરંતુ એની સાંધ મેળવવાને અમે સમર્થ નથી."

સોનારની શ્રેણીના આ પ્રમાણેના વચનને શ્રવણ કરીને કુંભરાજા અત્યંત ક્રોપાયમાન થઈ ભૃકુટી ચડાવીને કહેવા લાગ્યા કે "તમે સોનાર નામ માત્ર છો કે સોનાર જાતિ છો? સોનારના પુત્ર છો કે કોણ છો? જેથી આ કુંડળ યુગળની સંધી મેળવી શકતા નથી, માટે એવા કળાહીન સ્વર્ણકારનું મારા રાજ્યમાં કામ નથી" આ પ્રમાણે કહીને તેઓને પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશની બહાર જતા રહેવા આજ્ઞા કરી. સ્વર્ણકાર કુંભરાજાની આવી તીવ્ર આજ્ઞાને સાંભળીને ખેદ પામ્યા સતા તરતજ પોત પોતાને ઘરે આવી પોતપોતાનો સામાન શકટોમાં ભરીને તે મિથિલા નગરીમાંથી તેમજ વિદેહ દેશમાંથી પણ નીકળ્યા. અનુક્રમે કાશી દેશમાં જ્યાં વણારસી નામે નગરી છે ત્યાં આવ્યા નગરની બહાર ઉદ્યાનમાં પોતાના શકટો રાખી બહુ મૂલ્ય ભેટણું લઇને જ્યાં તે દેશનો **શંખ** નામે રાજા રાજ્ય સભામાં બેઠેલ છે ત્યાં ગયા અને તેમને વધાવી પ્રણામ કરી સન્મુખ ભેટણું મુકીને પ્રાર્થના કરવા લાગ્યા કે—હે રાજેંદ્ર ! કુંભરાજાએ અમને પોતાની આજ્ઞાની બહાર દેશપાર કરેલા છે તો અમે હવે આપની બાહુ છાયા નીચે નિર્ભયપણે ઉદ્વેગ રહીતપણે સમાધી પૂર્વક રહેવા ઇચ્છીએ છીએ." સ્વર્ણકારોની આ પ્રમાણેની અરજને શ્રવણ કરીને પ્રથમ શંખ રાજાએ પુછ્યું કે હે સ્વર્ણકારો ! તમને કુંભરાજાએ શા માટે દેશપાર કર્યા? ઉત્તરમાં તેઓએ પૂર્વોક્ત કારણ કહી સંભળાવ્યું એટલે ફરીને શંખ નૃપતિએ પ્રશ્ન કર્યો કે એ કુંભરાજાની **મલ્લી**નામે કુંવરી કેવી રૂપ સૌભાગ્યવંત છે? સોનાર બોલ્યા કે "હે સ્વામી ! એવી કોઈ દેવકન્યા, યક્ષકન્યા, નાગકન્યા કે ગાંધર્વકન્યા નથી કે જેને એની ઉપમાએ મુકી શકાય. એ મલ્લીકુંવરી તો અનુપમેય અને અવર્ણનીય છે." આ પ્રમાણેના તેના વચનો સાંભળીને શંખ રાજાના મનમાં તત્કાળ પૂર્વ ભવજનીત રાગ ઉદય પામ્યો અને તરતજ સોનારને પોતાના નગરમાં રહેવાની આજ્ઞા સહીત વિસર્જન કરીને એક શિઘ્રકાર્યે કર્તા દૂતને બોલાવ્યો. અને આજ્ઞા કરી કે બીન વિલંબે અહીંથી નીકળી મિથિલા નગરીએ જવું અને મલ્લીકુવરીની યાચના મારે માટે કરવી.

દૂત પણ તરતજ ઘરે આવી યોગ્ય પરિવાર સાથે લઈ રથમાં બેસી ચાલ્યો. અનુક્રમે મિથિલા નગરીએ આવ્યો.

## ઇતિ ચતુર્થ દૂતાગમન.

પાંચમો દૂત શ્રી કુરૂદેશના **અદીન શત્રુ** રાજા તરફથી પણ તેજ અવસરે આવ્યો તેનું આગમન કારણ આ પ્રમાણે—

મિથિલા રાજ્યધાનીના કુંભરાજાની પ્રભાવતી રાણીને મલ્લી કુંવરીની પછી એક પુત્ર થયેલો છે તેનું **મલ્લદિન્નકુમાર** નામ સ્થાપન કરેલું છે. બહોતેર કળાને વિષે પ્રવીણ થયો છે. અનુક્રમે યૌવનાવસ્થાને પ્રાપ્ત થવાથી રાજાએ યુવરાજ પદે સ્થાપન કર્યો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એકદા તે મલ્લદિન્નકુમારે શેવક પુરૂષોને આજ્ઞા કરી કે "મારા વાસભુવનની પાછળના વન ખંડનેવિષે એક સુશોભીત, અનેક સ્થંભોએ અલંકૃત ચિત્રશાળા નવીન બંધાવો." શેવક પુરૂષોએ તત્કાળ પ્રવીણ કારીગરોને તેડાવીને ચિત્રશાળા તૈયાર કરાવી અને તેમની આજ્ઞા પાછી સોંપી. એટલે તે યુવરાજકુમારે તરતજ ચિતારાઓને તેડાવ્યા અને આદેશ કર્યો કે "હે ચિત્રકારો ! તમે આ ચિત્રશાળાની અંદર સ્ત્રીઓના હાવ, ભાવ, વિલાસ, વિભ્રમ વડે સુશોભિત ચિત્રો કરો. જેને દેખવા માત્રથી સ્ત્રીઓની અનેક પ્રકારની ચેષ્ટાઓ પૃથક્ પૃથક્ સમજી શકાય. હાવભાવ વિગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે—

**हावो मुखविकार स्याद्भावश्चित्त समुद्भवः ।**
**विलासो नेत्रजो ज्ञेयो विभ्रमो भ्रू समुद्भवः ॥१॥**

"હાવ તે મુખનો વિકાર, ભાવ તે ચિત્તનો વિકાર, વિલાસ તે નેત્રોત્પન્ન વિકાર અને વિભ્રમ તે ભ્રૂ ચળાયમાન કરવા થકી ઉત્પન્ન થયેલ વિકાર જાણવો. સ્ત્રીના સ્થાનક, આસન, ગમન, હસ્તચેષ્ટા, ભમુહચેષ્ટા અને નેત્રચેષ્ટા એવી કામની ચેષ્ટાઓ તે વિલાસ જાણવો. આ પ્રમાણેની સર્વ પ્રકારની સ્ત્રીઓની ચેષ્ટાઓને પ્રદર્શીત કરનાર, ચિત્રસભા કરો". આ પ્રમાણેની આજ્ઞાને પામીને સર્વે ચિતારાઓ પોતપોતાને ઘરે જઇ ચિત્રામ કરવાની પીછીઓ વિગેરે સાધનો લઇને પૂર્વોક્ત ચિત્રસભામાં આવ્યા અને પૃથક્ પૃથક્ ભૂમિ ભાગ વહેંચી લઇને કોકશાસ્ત્રમાં વર્ણન કર્યા પ્રમાણે આસનો વિગેરે અનેક પ્રકારની ચેષ્ટાઓવાળાં સ્ત્રીઓના રૂપ ચિતરવાને ઉદ્યમવંત થયા.

હવે ચિત્રકારોની અંદર એક ચિત્રકારને એવી વિદ્યાની પ્રાપ્તી થયેલી છે કે કોઈ પણ દ્વીપદ ચતુષ્પદના શરીરનો એક અવયવ માત્ર દેખવાથી તાદ્દશ તેનું આખું શરીર ચીતરી શકે. તે ચિત્રકારે પર્યંચની અંદરથી મલ્લીકુંવરીનો પાદાંગુષ્ટ દીઠો અને તેની સૌંદર્યતા વિગેરે કારણોથી તે મલ્લીકુંવરીનોજ પાદાંગુષ્ટ છે એમ નિર્ણય કરી પોતાની અપ્રતિમ વિદ્યાની ખુબી દર્શાવવા માટે પોતાને ભાગે આવેલી જમીન ઉપર મલ્લીકુંવરીનું સ્વરૂપ ચિતર્યું. જેવું રમણીક રૂપ મલ્લીકુંવરીનું છે તેવું આબેહુબ તેમાં દર્શાવી આપ્યું. હવે સર્વે ચિત્રકારો પોતપોતાનું કાર્ય સમાપ્ત થયું એટલે મલ્લદિન્ન-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુમાર પાસે આવી તેમની આજ્ઞા પાછી સોંપી. કુમારે તેમનો સારી રીતે સત્કાર કરીને વસ્ત્ર તથા દ્રવ્યાદિક વડે પૂર્ણ સંતોષ પમાડી વિસર્જન કર્યા.

હવે તે ચિત્રસભા જોવાને માટે મલ્લદિન્નકુમાર પોતાના અંતઃપુરમાં આવી, સ્નાન કરી, વસ્ત્રાભરણે અલંકૃત થઈ પોતાના અંતેઉર યુક્ત તથા ધાવ્ય માતા સહીત આવ્યો અને અનુક્રમે દરેક ચિત્રકારોએ પોતાની કલમોની ખુબી સ્ત્રીઓની અનેક પ્રકારની ચેષ્ટામાં તાદૃશ બતાવી આપી હતી તે જોઇને બહુજ ખુશી થયો. જોતાં જોતાં આગળ ચાલ્યો એટલે દૂરથી તેણે મલ્લીકુંવરીનું ચિત્ર દીઠું પરંતુ તે રૂપ તાદૃશ મલ્લીકુંવરી સમાનજ હોવાથી સાક્ષાત્ પોતાની બહેનજ આવેલ છે એમ દેખીને મલ્લદિન્નકુમાર અત્યંત લજ્જાવંત થયો સતો દૂરથીજ પાછો વળ્યો. કુમારને એકાએક પાછો વળતો દેખીને અંબધાત્રી (ધાવ્ય માતા)એ પુછ્યું "હે પુત્ર! તું પાછો કેમ વળે છે?" કુમાર બોલ્યો "હે માતા! મારી જ્યેષ્ટ બહેન, મને ગુરૂ તૂલ્ય માન આપવા લાયક, મલ્લી બહેન અહીંઆં આવેલી છે તેનાથી આવી ચિત્ર સભાની અંદર લજ્જા પામ્યો સતો હું પાછો વળું છું" અંબધાત્રીએ કહ્યું" પુત્ર! એ મલ્લીકુંમરી પોતે નથી. એ તો કુશળ ચિત્રકારે મલ્લીકુંવરીનું સ્વરૂપ ચિતરેલું છે." આ પ્રમાણેના વચનોને શ્રવણ કરતાં વેત તત્કાળ મલ્લદિન્નકુમાર તે ચિત્રકારની ઉપર અત્યંત ક્રોધાયમાન થયો. અને એકદમ આજ્ઞા કરી કે આવા અપ્રાર્થ્ય પ્રાર્થક, મરણ વાંચ્છક ચિતારાને રાસભારોહણ કરી વધ્ય ભૂમિએ લઈ જઈ વધ કરો કે જેણે મારી આ ચિત્ર સભાની અંદર મને ગુરૂ સરખી પૂજ્ય મારી જ્યેષ્ટ બહેનનું ચિત્ર આળેખ્યું છે. આ પ્રમાણેની ઉત્કટ આજ્ઞાના ખબર સાંભળીને સર્વ ચિત્રકારો એકત્ર થઈ કુમાર પાસે આવ્યા અને નમ્રતા પૂર્વક નિવેદન કર્યું કે હે કુમાર! એ ચિત્રકારને એવી લબ્ધિ પ્રાપ્ત થયેલી છે કે કોઈ પણ દ્વીપદ ચતુષ્પદના શરીરનો એક અવયવ માત્ર દેખવાથી તેનું તાદૃશ આખું શરીર ચીત્રી શકે. માટે એવા વિદ્યાવાનનો એકાએક વધ ન કરતાં તેને બીજી કોઈ મોટી શિક્ષા કરો" આ પ્રમાણેની પ્રાર્થનાનો સ્વીકાર કરીને કુમારે તે ચિત્રકારનો ચિત્ર કરવાના મુખ્ય સાધાનરૂપ જમણો અંગુઠો કપાવી દેશ પાર કર્યો.

તે ચિત્રકાર પણ મિથિલા નગરીમાંથી તેમજ વિદેહ દેશમાંથી તત્કાળ નીકળીને કુરૂદેશમાં જ્યાં હસ્તિનાપુર શહેર છે ત્યાં આવ્યો અને પોતાને રહેવાનું સ્થાન નિર્માણ કરી પોતાના ચિત્રામણ કરવાના સાધનોને સજ્જ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્યો. પછી એક પાટીયું લઇ તેને રંગવડે તૈયાર કરી તેની ઉપર વામ હસ્તવડે મલ્લીકુંવરીનું પૂર્વવત્ સ્વરૂપ ચિતર્યું. પછી તે ચિત્રકાર બહુ મૂલ્ય ભેટણું લઇને જ્યાં અદીનશત્રુ રાજા રાજ્ય સભા ભરીને બેઠેલ છે ત્યાં આવ્યો. પ્રણામ કરી ભેટણું મુકીને બોલ્યો કે "હે રાજેંદ્ર! મિથિલા નગરીના કુંભરાજાના પુત્ર મલ્લદિન્નકુમારે મને દેશપાર કર્યો તેથી હું આપની બાહુ છાયા નીચે રહેવા માટે અહીં આવ્યો છું" રાજાએ પુછ્યું કે "હે ચિત્રકાર પુત્ર! તને તે મલ્લદિન્નકુમારે શા કારણે દેશપાર કર્યો?" આ પ્રશ્નના ઉત્તરમાં તેણે સર્વે પૂર્વ વૃતાંત કહી સંભળાવ્યું એટલે રાજાએ ફરીને પુછ્યું કે "તે મલ્લીકુંવરીનું કેવું સ્વરૂપ તેં ચિતર્યું હતું?" ચિત્રકારે તરતજ પોતાની કક્ષામાં ગુપ્તપણે રાખેલું પૂર્વોક્ત ફલક રાજાની સમિપે મુકયું અને બોલ્યો કે એ મલ્લીકુંવરીના રૂપને તાદૃશ ચિતરવાને માટે ચાર પ્રકારના દેવમાંથી કોઈ પણ સમર્થ ન થાય એવી તે અદ્‌ભુત રૂપવંત છે, તો તેનું યથાર્થ સ્વરૂપ ચિતરવાને માટે હું તો ક્યાથી શક્તિવંત થાઊં? આતો માત્ર સહજ ચિત્ર કાઢેલું છે એમ જાણવું." આ પ્રમાણેના વચનને શ્રવણ કરીને તેમજ ચિત્રીત સ્વરૂપને જોઇને તત્કાળ અદીનશત્રુ રાજાના હૃદયમાં મલ્લીકુંવરી ઉપર રાગ દશા ઊત્પન્ન થઈ અને ચિત્રકારને વિસર્જ્યો, પોતાના શિઘ્રકાર્યકારી દૂતને તેડાવી, મિથિલા નગરીએ મલ્લીકુંવરીની પોતાને અર્થે યાચના કરવા માટે તત્કાળ જવાને આજ્ઞા કરી. દૂત પણ તરતજ પૂર્વ દૂતોની પેઠે યોગ્ય પરિવાર લઈ રથમાં બેસી હસ્તિનાપુર નગરમાંથી નીકળ્યો. યાવત્ મિથિલા નગરીએ આવ્યો.

ઇતિ પંચમદૂતાગમન અપૂર્ણ.

---

# संबोधसत्तरी.

અનુસંધાન પાને ૧૬૭ થી.

પૂર્વે ૭૩મી ગાથાના ભાવાર્થમાં પાંચ પ્રકારના પ્રમાદ માંહેના પ્રથમ **'મદ'**ની વક્તવ્યતા કહી છે. હવે બીજો પ્રમાદ **'વિષય'** શાસ્ત્રકારે કહેલો છે. પાંચ ઇંદ્રીઓના ૨૩ વિષય છે તેને વશ પડીને પ્રાણી ચતુર્ગતિમાં પરિભ્રમણ કરે છે. તે વિષયો આ પ્રમાણે—પ્રથમ સ્પર્શેંદ્રીના ૮ વિષય છે. ૧ શિત ૨ ઉષ્ણ ૩ રૂક્ષ ૪ સ્નિગ્ધ ૫ ભારે ૬ હળવો ૭ સુંવાળો ૮ બ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રસઠ. રસેંદ્રીના ૫ વિષય છે. ૧ ક્ષાર ૨ આમ્લ ૩ તીક્ત ૪ કટુ ૫ મિ-ષ્ટ. ઘ્રાણેંદ્રીના ૨ વિષય છે. ૧ સુગંધ ૨ દુર્ગંધ. ચક્ષુઇંદ્રીના ૫ વિષય છે. ૧ શ્વેત, ૨ કૃષ્ણ, ૩ રક્ત ૪ પીત ૫ નીલ શ્રોત્રેંદીના ૩ વિષય છે ૧ જીવશબ્દ ૨ અજીવશબ્દ ૩ મિશ્રશબ્દ. એ પ્રમાણે કુલ પાંચઇંદ્રીઓના ત્રેવીશ વિષય છે. તે પાંચઇંદ્રીઓમાંહેની એકેક ઇંદ્રીઓને વશ થયેલા જીવો પણ આ ભવમાં પ્રાણને ગુમાવે છે.

૧ સ્પર્શેંદ્રીના વશથકી હસ્તિ પ્રાણ ગુમાવે છે અથવા તો પરતંત્રપણારૂપ મહાકષ્ટને પામે છે. રાજ્યમાં વિક્રય કરવા માટે અથવા તો તેને મારીને દંતાદીકવડે આજીવીકા કરવાને અર્થે હસ્તિને પકડવાને ઇચ્છનારાઓ જે વનમાં હસ્તિઓ બહુ હોય છે ત્યાં મોટો ખાડો ખોદી તેની ઉપર તૃણાદીકવડે આચ્છાદન કરી લે છે અને તેની ઉપર કાગળની કૃત્રીમહાથણી કરીને રાખે છે તથા હસ્તિનીનું મુત્ર ચારે બાજુ છાંટે છે તેના ગંધવડે હસ્તિ ત્યાં આવે છે અને હાથણી સાથેના વિષયભોગની ઇચ્છાથી તે તૃણાચ્છાદીત ખાડા ઉપર ચાલે છે કે એકદમ આચ્છાદન ત્રુટી જાય છે અને તે ખાડામાં પડે છે; પછી જો તેને વેચવો હોયછે તો પ્રથમથી કરી રાખેલા રસ્તાએ તેને બહાર કાઢે છે અને નહીંતો ત્યાંજ તેને મારીને દંતાદિકગ્રહણ કરે છે. આ પ્રમાણે માત્ર સ્પર્શેંદ્રીના વશ થકી હસ્તિ દુઃખનું ભાજન થાય છે.

રસેંદ્રીનાવશથકી જળચર જીવો પોતાના પ્રાણ ગુમાવે છે. જાળની અંદર ભરાવેલા કાંટાને અગ્રભાગે રાખેલું આમીશ અથવા બીજો ભક્ષ પદાર્થ ખાવા માછલાંઓ આવે છે અને તે ખાય છે કે તરત કાંટામાં ભરાઇ જઇને પ્રાણ ગુમાવે છે.

ઘ્રાણેંદ્રીનાવશથકી ભ્રમર પ્રાણ ગુમાવે છે. સંધ્યાસમય અગાઉ ગંધની ઇચ્છાથી સૂર્યવિકાસી કમળમાં તે પેસે છે. સૂર્યઅસ્ત થયાથી કમળ વિંચાઇ જાય છે. વાંસને કાપીને પણ બહાર નીકળવાની શક્તિ ધરાવનાર ભ્રમર સ્નેહનાવશથકી કમળ કાપીને બહાર નીકળતો નથી. આખી રાત્ર બંદીખાનું ભોગવે છે. પ્રાતઃકાળે સુર્યોદય અગાઉ હસ્તિ વિગેરે પ્રાણી સરોવરમાં જળ પીવા આવે છે તો તે ભ્રમર સહીત કમળને ઉખેડીને મોંઢામાં મુકે છે. એ પ્રમાણે ઘ્રાણેંદ્રીનાવશથકી ભ્રમર પ્રાણ ગુમાવે છે.

ચક્ષુઇંદ્રીનાવશથકી પતંગીઓ પ્રાણ ગુમાવે છે. દીપકને દેખીને ચ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષુઇંદ્રીનો પ્રેર્યો થકો એકદમ તેના ઉપર આવીને પડે છે અને બળીને ભસ્મ થઇ જાય છે.

શ્રોત્રેંદ્રીનાવશથકી હરણ પ્રાણ ગુમાવે છે. મૃગવધ કરવાને ઇચ્છતા પારાધીઓ વનમાં આવીને કોઇક ઝાડ નીચે બેસી સુંદર વાજીત્ર વાંસળી વિગેરે વગાડે છે એટલે શ્રોત્રેંદ્રીને વશ થયેલા મૃગાદિક પ્રાણીઓ તેની નજીક વિશ્વાસ રાખીને આવે છે. પારાધી એ પ્રસંગનો લાભ લઈને તત્કાળ ગુપ્તપણે તૈયાર રાખેલા ધનુષ્ય બાણવડે તેના પ્રાણ હરણ કરે છે. સર્પને પકડનારા ગારૂડીઓ પણ એ પ્રમાણેજ સર્પને પકડે છે અને જન્મ પર્યંતના બંદીખાનાને ભોગવાવે છે.

આ પ્રમાણે એક ઇંદ્રિઓને વશ પડેલા પ્રાણીઓ પ્રાણ ગુમાવે છે. પરંતુ અહીં તો પાંચ ઇંદ્રિઓવાળા મનુષ્ય આશ્રી ઉપદેશ છે તો જે મનુષ્ય પાંચે ઇંદ્રિઓને વશ થાય છે તેના પાપ બંધન વિગેરેની સીમાજ નથી પૂર્વે ગાથામાં કહ્યું છે કે પાંચે પ્રમાદ પ્રાણીને સંસારમાં પાડે છે અર્થાત્ પરિભ્રમણ કરાવે છે. તે ઉપરથી સાર એ ગ્રહણ કરવાનો છે કે પૂર્વોક્ત પ્રાણીઓ તો ઇંદ્રિઓના વશથી તે ભવમાં પ્રાણ માત્રજ ગુમાવે છે પરંતુ મનુષ્ય જો ઇંદ્રીઓને વશ થાય છે તો અનેક પ્રકારના કર્મબંધનવડે સંસાર વધારે છે અને અનેક ભવમાં મરણ પામે છે. માટે શાસ્ત્રકાર કહે છે કે ઇંદ્રિઓના વિષયરૂપ પ્રમાદને વશ થવું નહીં. ઇંદ્રિઓ ચપળ છે પરંતુ સત્વવંત પ્રાણીઓ તેને સ્વેચ્છાએ વર્તવા દેતા નથી, પોતાને વશ રાખે છે. સ્પર્શાદિકની ઇચ્છાવડે પરસ્ત્રી સેવનનો અભિલાષ થાય છે તો તેનું નિવારણ કરે છે, રસેંદ્રીના વશ થકી અભક્ષ્ય અને તેના અંતર્ગત કંદમૂળ રાત્રીભોજનાદિકની ઇચ્છા ન કરતાં સર્વથા પ્રકારે તેનો ત્યાગ કરે છે, ઘ્રાણેંદ્રીના વશ થકી ઉત્તમ ઉત્તમ પુષ્પાદિક સુંઘવાની ઇચ્છા થાય છે પરંતુ તેવી ઇચ્છાને ઉત્કટ ન થવા દેતાં વશમાં રાખે છે, ચક્ષુ ઇંદ્રિના વશ થકી અનેક સ્ત્રીઓના અંગોપાંગાદિક તથા રૂપ લાવણ્યાદિક જોવાની ઇચ્છા થાય છે પણ તેને અટકાવીને જેમ સૂર્ય સન્મુખ કરેલી દૃષ્ટિ સંકોચી લેવી પડે છે તેમ પરસ્ત્રીના શરીર નિરીક્ષણને માત્ર મોહોત્પતિનું તેમજ કર્મબંધનનું કારણ જાણીને નેત્રને પાછાવાળે છે—જોવાની ઇચ્છા કરતાજ અટકાવે છે. શ્રોત્રેંદ્રીના વશ થકી સુંદર ગીત નૃત્યાદીક સાંભળવાની ઇચ્છા થાય છે અને પણ્યાંગનાના ગાયનો સાંભળવા માટે ઘણા મનુષ્યો તીવ્ર ભાવને ધારણ કરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે પરંતુ ઉત્તમ મનુષ્યો તેવી દુર્વાચ્છાનું નિવારણ કરે છે. અને શ્રોત્રેંદ્રીને પોતાને વશ રાખે છે.

આ પ્રમાણે જે મનુષ્યો પોતાની ઇંદ્રિઓ વશ રાખે છે તે આ ભવ અને પરભવમાં સુખની શ્રેણી પ્રત્યે પામે છે અને જેઓ ઇંદ્રિઓને પોતાને વશ ન રાખતાં પોતે ઇંદ્રિયોને વશ થાય છે તે કર્મનું બંધન કરી સંસારમાં પરિભ્રમણ કરે છે.

ઇંદ્રિઓને વશ થવાથી ઘણા મનુષ્યો આભવ પરભવમાં દુ:ખી થયાના દૃષ્ટાંતો છે. પાંચેઇંદ્રિઓ આશ્રી જુદાં જુદાં દૃષ્ટાંતો પણ છે પરંતુ અહીંયાં વિષય વધી જવાથી માત્ર સ્પર્શેંદ્રીના વશ થકી **મહેંદ્રદત્ત** નામે રાજાનો પુત્ર આ ભવ અને પરભવમાં દુ:ખી થયો તેનું દૃષ્ટાંત લખ્યું છે.—

વિશ્વપુર નામે નગરને વિષે **ધરણેંદ્ર** નામે ન્યાયી રાજા રાજ્ય પ્રતિપાળન કરે છે તેને મુખ્ય **મહેંદ્રદત્ત** નામે પાટવી પુત્ર છે. તે નગરમાં એક શેઠ વસે છે તેને **મદન** નામે પુત્ર છે. સરખીવય વિગરે હોવાથી મહેંદ્ર અને મદનને પરસ્પર મિત્રાઇછે નિરંતર બંને જણા સાથે રહેછે. મદન ઘણો વખત રાજ્ય ભુવનમાં મહેંદ્રની સાથેજ ગાળે છે એકાદા મદનના આગ્રહથી મહેંદ્રદત્ત રાજયપુત્ર મદનને ઘેર આવ્યો છે. તે મદનને અસંત રૂપવંત અને મહાસુકુમાળ **ચંદ્રવદના** નામે સ્ત્રી છે. પોતાના ભર્ત્તારનો મિત્ર તેમજ રાજપુત્ર જાણીને તેણે મહેંદ્રદત્તનો બહુ આદર સત્કાર કર્યો અને પોતાને હાથે પાનનું બીડું પાનનુંબીડું આપ્યું લેતાં થયેલા તે સ્ત્રીના સુકોમળ હસ્ત સ્પર્શથી તેમજ તેનું અસંતરૂપ નિરખવાથી મહેંદ્રદત્ત તત્કાળ કામાકુળ થયો અને વિચારવા લાગ્યો કે "જ્યાં સુધી આવી સ્ત્રીનો સંગ કર્યો નથી ત્યાં સુધી આ જન્મનુંનિષ્ફળ છે." આ પ્રમાણે વિચારીને તેની સાથે હાંસીના વચનો બોલવા લાગ્યો, કુચેષ્ટા કરવા લાગ્યો અને અનુક્રમે તેની સાથે અનાચાર પણ શેવવા લાગ્યો. પછી તો નિરંતર તેને ઘરે જાય અને ઇચ્છિતવિલાસ કરે. મદન રાજપુત્ર જાણીને ભયનો માર્યો કાંઇ પણ કહી કે નહીં. જુઓ ઇંદ્રિઓના વિષયનું દુરતિક્રમપણું! મિત્રસ્ત્રી જેને બેહેન બરાબર ગણવી જોઇએ તેની સાથે પણ મિત્રની મિત્રાઇ લજી દઇને તેમજ મિત્રના વિશ્વાસનો ઘાત કરીને આ દુષ્ટ રાજપુત્ર કામના પરવશ પણાથી લીન થઇ ગયો!

હવે એકદા રાજાએ તે **મહેંદ્રકુમાર**ને પોતાનું રાજ્ય આપવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઇચ્છાથી તે સંબંધી મહોચ્છવ શરૂ કર્યો. જે દીવસે રાજ્ય આપવાનું મુહુર્ત છે તેની આગલી રાત્રીએ મહેંદ્રદત્તે ચંદ્રવદનાને પોતાના નિવાસ સ્થાનમાં તેડી લાવવા માટે માણસો મોકલ્યા. ચંદ્રવદનાએ કહેવરાવ્યું કે જ્યાં સુધી મારો પતિ મદન જીવતો છે ત્યાં સુધી હું નિઃશંકપણે આવી નહીં શકું. અર્થાત્ આ કુલટા સ્ત્રીએ પોતાના ભર્ત્તારને મારવાનો આશય સૂચવ્યો. ધિઃકાર છે સ્ત્રીઓનો જેઓ પરપુરૂષ લંપટ થઈ અનેક પ્રકારના અનર્થ સહજ માત્રમાં કરે છે. કહ્યું છે કે—

**नितम्बिन्यः पतिं पुत्रं, पितरं भ्रातरं क्षणात् ।**
**आरोपयंत्यकार्येपि, दुर्वृत्ताः प्राण संशये ॥१॥**

"માઠા આચરણવાળી, સ્ત્રી પતિને, પૂત્રને, માતા પિતાને તેમજ ભાઇને પ્રાણ સંશયવાળા અકાર્યને વિષે આરોપણ કરે છે." ચંદ્રવદનાનો આશય સમજીને તરતજ તે દુષ્ટ રાજપુત્રે તેજ પુરૂષોને મદનને મારવા માટે મોકલ્યા. તેમણે જઇને મદનને યષ્ટી મુષ્ટી વિગેરેથી મારવા માંડયો. કોટવાળને ખબર પડવાથી તત્કાળ તે ત્યાં આવ્યો અને મારનારા પુરૂષોને બાંધીને રાત્રીએજ રાજા પાસે ખડા કર્યા. રાજાએ મદનને મારવાનું કારણ પુછયું મરણ ભયથી ભયભ્રાંત થયેલા તે મનુષ્યોએ જેવી હતી તેવી સઘળી બીના જણાવી દીધી. રાજા પોતાના પુત્ર ઉપર બહુજ કોપાયમાન થયો અને તેજ વખતે તે માણસો સહીત મહેંદ્રદત્તને નગર બહાર કાઢયો. ચંદ્રવદના પણ તેની સાથે ગઇ. રાજાએ લઘુપુત્રને રાજ્ય આપ્યું અને સંસારને અસાર જાણી વૈરાગ્ય પામી ગુરૂ મહારાજ પાસે દિક્ષા અંગીકાર કરી. નિરતિચાર ચારિત્ર પાળી કેવળજ્ઞાન પામીને **ધરણેંદ્ર** રાજા મોક્ષ સુખનો ભાજન થયો. **મદન** કુળપુત્ર પણ તથાવિધ સ્ત્રી ચરિત્રને જાણી વૈરાગ્ય પામી દિક્ષા લઇ કાળ કરીને દેવતા થયો.

હવે મહેંદ્ર તથા ચંદ્રાનના દેશપાર થયા પછી અટવીમાં પરિભ્રમણ કરવા લાગ્યા. બંને જણને ચોરોએ પકડયા અને બબ્બર કુળમાં જઇને વેચ્યા. ત્યાં જે લોકો મનુષ્યને રૂષ્ટ પુષ્ટ કરી તેનું રૂધીર કાઢે છે તેણે ખરીદ કર્યા અને મહેંદ્રની નિરંતર એ પ્રમાણે કદર્થના થવા લાગી. એક દિવસ તે લોકોએ વિશેષ રૂધિર કાઢયું તેથી મહેંદ્ર નિશ્ચેષ્ટ થઇ મરણ પામીને નરકે પહોચ્યો. ત્યાંથી નીકળી અનંત સંસાર પરિભ્રમણ કરશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ પ્રમાણે સ્પર્શનેંદ્રિયના વશથી મહેંદ્ર આ ભવમાં રાજ્યભ્રષ્ટ થયો, રૂધિર કાઢવા સંબંધી અસહ્ય કષ્ટનું ભાજન થયો અને પરભવમાં નરકાદિ દુર્ગતિના દુઃખ પામ્યો. માટે ભવથી બીહતા પ્રાણીઓએ ઈંદ્રિઓને આધીન ન થવું.

એક કવિએ કહ્યું છે—

ઓહી હૈ કુગતિ કે નિદાની, દુઃખદોષદાની, ઈનહિકી સંગતિ સોં સંગભાર વહિએ,
ઇનકી મગનતાસોં વિભોકોં વિનાસ હોઇ, ઇનહીકી પ્રીતિ સોં અનીતિ પથ ગહિએ;
યેહી તપ ભાવકોં વિડારૈ દુરાચાર ધારૈ, ઈનહીકી તપત વિવેક ભૂમિ દહિયે;
એહી ઈંદ્રી સુભટ ઇનહી જીતૈ સોઇ સાધુ, ઇનકો મિલાપી સોઇ મહાપાપી કહિએ. ૧

ઇંદ્રીઓના વિષયરૂપ બીજો પ્રમાદ સંસારમાં પરિભ્રમણ કરાવે છે. તેનું ટુંક વ્યાખ્યાન આપ્યા પછી ત્રીજો પ્રમાદ કષાય તેનું વિવરણ કરીએ છીએ

કષાય ચાર પ્રકારના છે–ક્રોધ, માન, માયા અને લોભ એ દરેકના ચારચાર ભેદ છે. ૧ અનુતાનુબંધી ૨ અપ્રત્યાખ્યાની ૩ પ્રત્યાખ્યાની અને ૪ સંજ્વળનીય. એમ કુલ ૧૬ ભેદ થાય છે. તે દરેક ચોકડી એકેક મુખ્ય ગુણને હણે છે. અર્થાત એ ગુણની પ્રાપ્તિ થવા દેતી નથી. અનંતાનુબંધીની ચોકડી સમકીતનો ઘાત કરે છે, અપ્રત્યાખ્યાની ચોકડી દેશ વિરતીનો નાશ કરે છે. પ્રત્યખ્યાની ચોકડી સર્વ વિરતીનો નાશ કરે છે અને સંજ્વળનાની ચોકડી યથાખ્યાત ચારિત્રનો નાશ કરે છે. આ પ્રમાણેનો વિનાશ કરનાર કષાયરૂપ પ્રમાદ પ્રાણીઓને સંસારમાં પરિભ્રમણ કરાવે છે.

( અપૂર્ણ. )

श्री विक्रम कवि विरचितं

# नेमिदूतम्.

( समश्लोकी भाषान्तर युक्त )

અનુસંધાન પૃષ્ટ ૧૭૨ થી.

नाम्ना रत्नाकरमथ पुरस्ताद्व्रजे वीक्षमाणो
जज्ञे यस्माद्भुवनभयकृत्तत्पुरा कालकूटम् ।
यत्रासाध्यं निवसति जगद्दाहदक्षं जलाना

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**मत्यादित्यं हुतवहमुखे संभृतं तद्धितेजः ॥ ४७ ॥**

ચાલો રત્નાકર નિજ કને દેખતા નામ ધારી;
જેથી હાળાહળ વિષ થયું જે જગત્ ભીતિકારી;
જેમાં રહે છે અતિરવિજલે છે નહીં સાધ્ય જેહ,
ભૂમિદાહી અનળ મુખમાં જૈ રહ્યું તેજ તેહ. ૪૭

**त्वामायांतं तटवनचरा मेघनीलं मयूरा**
**दृष्ट्वा दूरान्मधुरविरुतैस्तत्र ये संस्तुवन्ति ।**
**त्वं तान्दिव्यध्वनिभिरुदधेः सान्द्रितैः संनिकृष्टः**
**पश्चादद्रिग्रहणगुरुभिर्गर्जितैर्नर्तयेथाः ॥ ४८ ॥**

દૂરે ભેદી વળી ઘનસમા આવતા આપને જ્યાં,
કાંઠે ફરતા મધુર રવથી જે મયૂરો સ્તવે ત્યાં;
તેને તાંહી જળ નિધિ તણાં ગંભીરા દિવ્યરાવો,
પડ્છંદા એ ગુરૂ ગિરિ તણાં ગર્જિતોથી નચાવો. ૪૮

**उत्कल्लोला विपुलपुलिनाग्रेऽथ भद्राभिधाना**
**साते सिन्धुर्नयन विषयं यास्यति प्रस्थितस्य ।**
**वातोद्धूतै हसति सलिलैर्या शशाङ्कांशुगौरैः**
**स्रोतोमूर्त्या भुविपरिणता रन्तिदेवस्य कीर्त्ति ॥ ४९ ॥**

ઊત્કલ્લોલા વિપુલ પુલિના તાંહી ભદ્રા નદી જે,
અગ્રે જાતાં નયન વિષયે આવશે આપને તે;

---

૪૭ તે પછી આગળ રત્નાકર નામે સમુદ્રને જોતા તમે ચાલો કે જે સમુદ્રથી અગાઊ ભુવનને ભય કરનાર કાળકૂટ (હાળાહળ) નામે ઝેર થયેલું છે જેમાં જગતને બાળવામાં ચતુર અને જળથી અસાધ્ય તેમજ સૂર્યને ઓલંગી જનાર અગ્નિ મુખમાં રહેલું તેજ રહે છે.

૪૮ કાંઠાના વનમાં ફરતા જે મયૂરો મેઘની પેઠે શ્યામ એવા આપને દૂરથી આવતા દેખીને ત્યાં પોતાના મધુર શબ્દોથી સ્તુતિ કરે તે મયૂરને તમે પાસે રહીને સમુદ્રના ઘાટા દિવ્ય ધ્વનિ અને પછવાડે પર્વતમાં પડછંદા પડવાથી થયેલા મોટા ગાર્જિતો વડે નચાવજો.

૪૯ આગળ ચાલતા ઊંચા તરંગવાળી અને વિશાળ કાંઠાવાળી ભદ્રા નામે નદી તમારી નજરે આવશે. જે નદી પોતાના ચંદ્રના કીરણ જેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે હસ્તી છે શશિ સમજલે વાયુથી કંપ જેને,
કીર્તિ સ્રોતે થઈ જગતમાં રંતિ દેવાની તેને. ૪૯

**उच्चैर्भिन्नं जवितमुदधौ हारि नीरं रथस्थे**
**तस्यास्त्वय्युत्तरति सरितो यादवेन्द्र प्रवाहं ।**
**वीक्षिष्यन्ते क्षणमनिमिषा व्योमभाजोऽतिदूरा**
**देकं मुक्तागुणमिव भुवः स्थूलमध्येन्द्रनीलम् ॥ ५० ॥**

ઊંચે ભેદ્યો જવિત દરિએ જે ભર્યો ચારૂનીરે,
જ્યારે બેસી રથ ઊતરશો નાથ! તેને પ્રવાહે;
જોશે ત્યારે ક્ષણ ગગનમાં દેવતા નિર્નિમેષ,
જાણે મુક્તા ગુણ પૃથવિનો મધ્યમાં ઈંદ્રનીલ. ૫૦

**तामुत्तीर्णः पुनरधिवसेरीश पौराभिधानं**
**नानादेशागतजनचयैः पूर्णरम्यापणं तत् ।**
**यस्याकाशं स्पृशति निवहो वेश्मनामूर्द्ध्वभागा**
**त्पात्रीकुर्वन् दशपुरवधूनेत्रकौतूहलानाम् ॥ ५१ ॥**

ત્યાં પૌરાખ્યે પુર જઈ વસો ઊતરી તે નદીને,
જે દેશોના વિવિધ જનથી પૂર્ણ ચૌટે કરીને;
હર્મ્યો ઊંચા ગગન અડતા ઊર્દ્ધભાગેથી જેના,
પાત્રો કીધા દશપુર વધૂ નેત્ર કૌતુહલોના. ૫૧

---

ધોળા અને વાયુથી કંપેલા જલથી પૃથ્વીમાં પ્રવાહ (નદી) રૂપે પરિણામ પામેલી રંતિદેવ રાજાની કીર્ત્તિને હસે છે.

૫૦ હે યાદવેંદ્ર! ઊંચે પ્રકારે ભેદાઈ ગયેલો સમુદ્ર તરફ વેગવાળો અને સુંદર જળવાળો તે નદીનો પ્રવાહ તમે જ્યારે ઊતરશો ત્યારે ક્ષણવાર આકાશમાં રહેલા દેવતાઓ વચમાં ઇંદ્ર નીલમણીના મોટા ચકદાવાળો જાણે પૃથ્વીનો એક મોતીનો સર હોય તેમ અનિમેષ દૃષ્ટિએ જોશે.

૫૧ તે નદી ઊતરીને હે ઈશ! તમે પૌર નામના નગરમાં જઇને વાસ કરજો. જાત જાતના દેશોમાંથી આવેલા માણસોના સમૂહથી તે નગરની રમણીક બજાર પૂરાયેલી છે અને જેમાં મોટી હવેલીઓનો સમૂહ પોતાના ઊંચા ભાગથી દશપુરનગરની સ્ત્રીઓના નેત્રોના કૌતુકને પાત્ર કરી આકાશને અડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तस्माद्वर्त्मानघ तव कियद्गच्छतो भाति दुर्गं
पङ्काकीर्णं नवतृणाचितं तत्र तोयाशयानां ।
कुर्वन्नब्दः किल कलुषतां मार्गणैः प्रागरीणां
धारापातैस्त्वमिव कमलान्यभ्यषिञ्चन्मुखानि ॥५२॥

ત્યાંથી શોભે અનઘ ? વન ત્યાં કેટલો માર્ગ જાતાં,
પંકે વ્યાપ્યું નવતૃણ ભર્યું ત્યાંજ તોયાશયોમાં;
પદ્મોને જે કલુષ કરતો બાણથી આપ જેમ,
ધારાપાતે ધન વરષતો શત્રુ મુખેજ જેમ. ૫૨

# प्रतिक्रमण.

( સાંધણ પાને ૧૫૫ થી. )

જીવનું સ્વસ્થાન તે સ્વધર્મ અને પરસ્થાન તે અતીચાર જાણવા. એમાં સાધુને પંચ મહાવ્રત રૂપ સ્વસ્થાન અને શ્રાવકને બારવ્રત રૂપ સ્વસ્થાન જાણવું. પ્રમાદના વશથી પોતાના આચરણમાં અતીચાર લાગ્યા હોય એટલે આત્મા સ્વધર્મ-સ્વસ્થાનથી ચુકી પરધર્મ-પરસ્થાન જે અતીચાર તેને વિષે જાય તે થકી નિવર્તવું-પાછું ફરવું તેનું નામ પ્રતિક્રમણ છે. વંદિતાસૂત્રમાં એજ હકીકત છે કારણકે લાગેલા અતીચારની આલોચના મિથ્યાદુઃકૃત, નિંદા, ગર્હા વગેરે કરી શુદ્ધ થવું એ એ સૂત્રનો હેતુ છે અને તેથીજ તેને પ્રતિક્રમણસૂત્ર કહેલું છે. એ પ્રતિક્રમણના આઠ પ્રકાર છે—

पडिक्कमणं पडिअरणं पडिहरणा वारणा नियत्तीय ।
निंदा गरिहा सोही पडिक्कमणं अठहा होइ ॥ १ ॥

પછી વિધિપૂર્વક બેસી-સમભાવને વિષે સ્થિત થઇને, સમ્યક્ પ્રકારના ઉપયોગવાળા મનયુક્ત, પદપદને વિષે સંવેગની પ્રાપ્તી કરતા, ડાંસ મચ્છરાદિકના ડંસને શરિરને વિષે નહી ગણતા એવા મુનિ ' સર્વ કાર્ય પર-

૫૨ હે પાપ રહિત ! ત્યાંથી કેટલોક માર્ગ ચાલતા તમને એક શોભતું વન આવશે તે વન કાદવથી વ્યાપ્ત છે અને નવા ઘાસથી ભરેલું છે તેમાં તમે જેમ અગાઉ બાણોથી શત્રુઓના મુખમાં વર્ષતા હતા તેમ ત્યાં વરસાદ પોતાના ધારાપાતથી કમળોને કલુષિત કરી તેઓમાં વરષે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેષ્ટિ નમસ્કાર પૂર્વક કરવા ' એમ હોવા થકી પ્રારંભમાં નવકાર મંત્ર ભણે, પછી ' સમભાવને વિષે સ્થિત થઇને પ્રતિક્રમવું જોઇએ ' તેટલા માટે **करेमिभंते सामाइयं०** ઇત્યાદિ સામાયકસૂત્ર કહે, ત્યાર પછી મંગળીકને અર્થે **चत्तारि मंगलं०** ઇત્યાદિ કહે, પછી દૈવસિકાદિ અતિચાર આળોચવાના હોવાથી **इच्छामि पडिकमिउं जोमे देवसिओ अइयारोकओ०** એ સૂત્ર કહે, પછી પૃથક્ પૃથક્ આળોચનાને માટે ગમના ગમનમાં લાગેલા અતિચારના પ્રતિક્રમણરૂપ **इर्यापथिकी सूत्र** બોલે, ત્યાર પછી બાકીના સમસ્ત અતિચારના પ્રતિક્રમણને માટે મુનિ **શ્રમણસૂત્ર तस्स धम्मस्स०** પર્યંત બેઠા સતાજ બોલે.

શ્રાવક પૂર્વોક્ત કારણને અનુસરીને પોતાની આચરણા પ્રમાણે નમસ્કાર, કરેમિભંતે અને ઇચ્છામિ પડિક્કમિઉં એ ત્રણ સૂત્ર પૂર્વક શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર ( વંદિતુ ) તસ્સ ધમ્મસ્સ૦ પર્યંત પૂર્વોક્ત મૂદ્રાએ બેઠો સતોજ બોલે. અને ત્યાર પછી સઘળા અતિચાર આળોવવા વડે અતિચાર રૂપભારથી નિવૃત્ત થવાથી હળવો થયો સતો ઉઠે અને મુનિ પણ તેજ કારણથી ઉભા થઈ શ્રમણસૂત્ર પૂરૂં કરે, શ્રાવક વંદિત્તાસૂત્ર સંપૂર્ણ કરે. ભારથી હળવા થયાના સંબંધમાં શ્રાદ્ધ પ્રતિક્રમણસૂત્રમાંજ કહેલું છે કે—

**कयपावोवि मणूस्सो, आलोइय निंदिउ गुरुसगासे ।**
**होइ अइरेग लहुओ, ओहरिय भरुव्व भारहवहो ॥**

અર્થ—" કર્યું છે પાપ જેણે એવો મનુષ્ય પણ ગુરૂમહારાજની સમિપે તે પાપને આળોવવા નિંદવાથકી– ભાર વહન કરનારની ઉપરથી ભાર લઈ લેવાથી જેમ તે હલકો થાય છે તેમ અત્યંત હલકો થાય છે. "

હવે પાપકર્મના મૂળ ચાર ભેદ છે ૧ સ્પૃષ્ટ ૨ બદ્ધ ૩ નિધત્ત અને ૪ નિકાચિત. તે ચારનું સ્વરૂપ આ પ્રમાણે છે. ૧ જેમ સોયનો ઢગલો કર્યો સતો તે સોયો જ્યાંસુધી હસ્તાદિ કાંઈ લાગતું નથી ત્યાંસુધી પરસ્પર સ્પર્શ કરીને રહે છે પણ હાથ વિગેરે લાગવાથી જુદી જુદી થઈ જાય છે તેમ જે કર્મ ઉપયોગવાળા પ્રાણીને પણ સહસાત્કારે બંધાયું હોય છે તે નિંદા ગર્હા કરવા થકી નાશ પામે છે તેને સ્પૃષ્ટ પાપકર્મ જાણવું. **પ્રસન્નચંદ્રરાજર્ષિની જેમ.**

" **પ્રસન્નચંદ્ર** રાજા દિક્ષા ગ્રહણ કર્યા પછી શ્રી રાજગ્રહી નગરીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહાર કાર્યોત્સર્ગે રહ્યા છે અને ભગવંત શ્રી મહાવીરસ્વામિ ત્યાં સમવસર્યા છે. તેમને વંદન કરવા માટે શ્રેણિકરાજા સૈન્ય સહીત જાય છે. રસ્તામાં જ્યાં મુનિ ઉભા છે ત્યાં સૈન્ય આવ્યું એટલે તેના અગ્ર ભાગે રહેલા સુમુખ, દુર્મુખ નામના બે સૈનિકોમાંથી સુમુખે પ્રસન્નચંદ્ર રાજર્ષિને નમસ્કાર કર્યો અને તેની પ્રશંસા કરી. દુર્મુખે કહ્યું કે " એમની પ્રશંસા કરવા યોગ્ય નથી એઓએ તો નાના બાળક પુત્રને રાજ્ય આપીને દીક્ષા લીધી છે. પાછળ તેનો મંત્રી રાજપુત્રને મારીને રાજ્ય લઇ લેવા તૈયાર થયોછે માટે પુત્રની પણ દયા ન ચિંતવનારની પ્રશંસા શું કરવી ?" આવા કટુક વચનથી રાજર્ષિ ધ્યાન ભંગ થયા. દુર્ધ્યાને ચડ્યા અને પોતાના બિશ્વાસઘાતી પ્રધાનની સામે અધ્યવસાયવડે યુદ્ધ કરવા લાગ્યા. સૈનિકોની પાછળ શ્રેણિક રાજા આવ્યા તેમણે નમસ્કાર કર્યો અને પછી ભગવંત પાસે જઇને પ્રસન્નચંદ્રરાજર્ષિ પોતાના નમસ્કાર સમયે કાળ કરે તો ક્યાં ઉત્પન્ન થાય એવું ગતિ સંબંધી પ્રશ્ન કર્યું. ભગવંતે નર્ક ગતિ કહી. સાતમી નર્ક પર્યંત કહ્યું. ફરીને પુછતાં યાવત્ સર્વાર્થ સિદ્ધની ગતિ કહી. તેટલામાં તો દેવદુંદુભી વાગી અને પ્રસન્ન ચંદ્રરાજર્ષિ કેવળ જ્ઞાન પામ્યા. શ્રેણિક રાજાએ આશ્ચર્ય પામવાથી તેનું કારણ પુછ્યું ભગવંતે પૂર્વોક્ત અધ્યવસાય યુદ્ધનું કારણ કહી બતાવ્યું અનુક્રમે યુદ્ધ કરતાં કરતાં શસ્ત્રો ખુટી જવાથી માથાનો ટોપ લેઇને મારવા મસ્તક ઉપર હાથ મુક્યો ત્યાં મુંડીત મસ્તક જાણી પોતાના માઠા અધ્યવસાય માટે બહુજ પશ્ચાત્તાપ કરી પાછા શુભ ધ્યાને ચડ્યા. પુત્ર કોનો ? રાજ્ય કોનું ? મંત્રી કોનો ? આ પ્રમાણે એકત્વ અને અન્યત્વ ભાવનાએ ચડ્યા અને તીવ્ર શુભ ધ્યાનવડે પૂર્વ સંચિત સમગ્ર પાપ કર્મનો ક્ષય કરી કેવળ જ્ઞાન પામ્યા." આ પ્રમાણે ભગવંતે કહી સંભળાવ્યું. અહીંયાં સમજવાનું એ છે કે પ્રસન્ન ચંદ્ર રાજર્ષિએ સાતમી નર્ક પર્યંત ગતિ રૂપ જે પાપકર્મ બાંધ્યું હતું તે સ્પૃષ્ટ પાપકર્મ હતું જેથી તેના પશ્ચાત્તાપ બિગેરેથી સહજમાં ક્ષય થયું." ઇતિ પ્રથમ સ્પૃષ્ટ પાપકર્મે દૃષ્ટાંત. અપૂર્ણ

## श्री संघस्तुति

संघोऽयंगुणरत्नरोहणगिरिः संघस्सतांमंडनं ।
संघोऽयंप्रबलप्रतापतरणिः संघोमहामंगलं ॥
संघोऽभीप्सितदानकल्पबिटपी संघोगुरुभ्योगुरुः ।
संघःसर्वजनाधिराजमहितः संघश्चिरंनंदताम् ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

પુસ્તક આઠમું.

સં. ૧૯૪૮ ના ચૈતરથી સં. ૧૯૪૯ના ફાગણ સુધી અં. ૧૨

शार्दूलविक्रीडित.

कृत्वार्हत्पदपूजनं यतिजनं नत्वा विदित्वागमं ।
हित्वा संगमधर्मकर्मठधियां पात्रेषु दत्वा धनं ॥
गत्वा पद्धतिमुत्तमक्रमजुषां जित्वांतरारिव्रजं ।
स्मृत्वा पंचनमस्क्रियां कुरु करक्रोडस्थमिष्टंसुखं ॥१॥

प्रगटकर्त्ता.

## श्री जैनधर्मप्रसारक सभा.

ભાવનગર.

अमदावादमां—"એંગ્લો વર્નાક્યુલર પ્રીન્ટીંગ પ્રેસમાં"
નથુભાઈ રતનચંદ મારફતીયાએ છાપી પ્રસિદ્ધ કર્યું.
શક ૧૮૧૪. સન ૧૮૯૩
મૂલ્ય વર્ષ ૧ નો રૂ૧) અગાઉથી પોસ્ટેજ રૂ૦—૩—૦ જુદું.
છુટક અંક એકનો રૂ૦—૨—૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### मंदाक्रांता

જેવી રીતે શશી ધરી કળા પૂર્ણિમાએ પ્રકાશે,
તેવી રીતે વિવિધ વિષયે પૂર્ણ થૈ જે વિકાસે;
બોધો આપી અધિકજ કરે જેહ અજ્ઞાન નાશ,
તે દીપાવું અધિક વધજો "જૈનધર્મ પ્રકાશ." ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# वार्षीक अनुक्रमणिका


| | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|
| ૧ | શ્રી મહાવીર જિન સ્તુતિ (પદ્ય) | ૧ |
| ૨ | નવું વર્ષ. | ૩ |
| ૩ | કમળસેન ( એક રસીક કથા ) | ૬-૨૩-૩૪-૫૦ |
| ૪ | નેમિદૂત (સમશ્લોકી ભાષાંતર યુક્ત) | ૧૪-૨૯-૧૬૯-૧૮૭ |
| ૫ | જૈનશાળા (પદ્ય) | ૧૭ |
| ૬ | સંબોધસત્તરી | ૧૮-૩૯-૫૮-૭૨-૯૫-૯૮-૧૧૭-૧૫૮-૧૬૨-૧૮૨ |
| ૭ | નિયમ લેવાથી થતા લાભ. | ૩૧ |
| ૮ | કર્મનીગતિ [પદ્ય] | ૩૩ |
| ૯ | મનુષ્યભવ પામીને ધર્મમાં આળસ ન કરવા વિષે. | ૪૨ |
| ૧૦ | સ્ત્રી. | ૪૫ |
| ૧૧ | વર્તમાન સમાચાર. | ૪૭-૧૧૧-૧૪૩-૧૫૯ |
| ૧૨ | ઇંદ્રીઓ વિગેરેને ઉપદેશ (પદ્ય) | ૪૯ |
| ૧૩ | પ્રતિક્રમણ. | ૫૫-૧૫૧-૧૯૦ |
| ૧૪ | માયા [ શ્રી મલ્લીનાથજી ચરિત્ર. ] | ૬૩-૬૯-૮૪-૧૦૪-૧૪૬ ૧૬૭-૧૭૮ |
| ૧૫ | વિવેક [પદ્ય] | ૬૫ |
| ૧૬ | પ્રમાણિકપણું. | ૬૬ |
| ૧૭ | મનુષ્યજન્મ. | ૭૬-૯૦-૧૨૩ |
| ૧૮ | ભવસ્થિતિ (પદ્ય) | ૮૧ |
| ૧૯ | શ્રી પાલીતાણા જૈન પાઠશાળા. | ૮૨-૧૧૩-૧૧૫ પદ્ય |
| ૨૦ | ખેદકારક સમાચાર (મુનિ અમરવિજયજીનો સ્વર્ગવાસ) | ૮૮ |
| ૨૧ | ઉપદેશ (પદ્ય) | ૯૭ |
| ૨૨ | જૈન કોનગ્રેસ ભરાવાની જરૂર. | ૧૦૭ |
| ૨૩ | ચરચાપત્ર. | ૧૨૨-૧૩૯ |
| ૨૪ | પરોપકાર. | ૧૨૭ |
| ૨૫ | આ સંસાર અસાર (પદ્ય) | ૧૨૯ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


| | | |
|---|---|---|
| ૨૬ | મદ્યપાન નિષેધક (પદ્ય) | ૧૩૦ |
| ૨૭ | બંધ અને મોક્ષ. | ૧૩૨ |
| ૨૮ | મધુબિંદુનું દ્રષ્ટાંત. | ૧૩૭ |
| ૨૯ | પાલીતાણામાં ધર્મશાળાઓ. | ૧૪૪ |
| ૩૦ | હિતોપદેશ. (પદ્ય) | ૧૪૫ |
| ૩૧ | સંસ્કૃત જૈન ગ્રંથો | ૧૫૫ |
| ૩૨ | આજ્ઞા પ્રમાણ. (પદ્ય) | ૧૬૧ |
| ૩૩ | બંધુસ્નેહ. (સિંહ અને વસંતનો સંબંધ) | ૧૭૨ |
| ૩૪ | સ્વજન તેજ ભવાંતરમાં તરે. | ૧૭૭ |
| ૩૫ | શ્રી સંઘસ્તુતિ. | ૧૯૨ |


### बसंततिलका

एताञ्चसद्रसभरान् विविधान्निबंधान् ।
सद्धर्मबोधरसदान् सुखदान् श्रुतीनाम् ॥
हर्षप्रदान् सुविदुषां समधर्माणां च ।
प्रोल्लास्य वर्षकमिदं परिपूर्णमासित् ॥ १ ॥

For Private And Personal Use Only

# લવાજમની પહોંચ.

૩—૯ શા. ઠાકરશી લાલચંદ.
૧—૩ શા બાલાભાઇ ગીરધરલાલ.
૧—૩ શા. રણછોડદાસ ઘેલાભાઇ.
૩-૧૦ શા. જમનાદાસ ખુશાલદાસ.
૩—૯ શા. લાલજી પુનશી.
૧—૩ શા. ટોકરશી કાનજી
૧—૩ ઝવેરી. છોટાલાલ લલુભાઇ.
૧—૪ શા. મોહનલાલ હેમચંદ.
૨—૬ શા. મગન ગોતમ.
૨—૬ શા. ચેનમલજી નરસંગજી.
૫-૧૫ શા. જેઠા ભીમાની કું.
૨—૬ શા. ઝવેરચંદ જેતશી
૧—૩ શા. દેવજી જેવંતની કું.
૧—૩ શા. આણંદજી ચાંપશી.
૨—૭ ઝવેરી. મોહનભાઇ. મગનભાઈ
૨—૬ શા. જેપાળ રામચંદ.
૨—૬ શા. ગોરધન શામજી.
૧—૩ શા. પુનમચંદ મગનચંદ.
૨—૬ શા. તારાચંદ લખમીચંદ.
૫-૧૫ શા. ખુશાલદાસ હરખચંદ.
૧—૩ શા. દેવશી સેજપાળ.
૨—૬ શા. ચત્રભજ તેજપાળ.
૨—૦ શા. વેલજી નાથા.
૨—૬ શા. જેઠાભાઇ ઉકરડા.
૨—૬ શેઠ. ગોવીંદજી શામજી.
૧—૩ શા. શામજી માલશીની કું.
૨—૬ શા. કરસનજી અમરચંદ.
૩—૯ શા. માણેકચંદ કપુરચંદ.
૧—૩ શા. હેમચંદ મોતીચંદ.
૩—૯ શા. શીવચંદ પોપટ.
૨—૬ શેઠ. નેમચંદ મેળાપચંદ.
૧—૪ શા. મગનલાલ દલપતરામ.
૩—૯ શા. હરખચંદ મૂળજી.
૧—૩ શા. ઉમેદ લાલચંદ
૨—૧ શા. તારાચંદ પરશોતમની કું.
૨—૬ શા. ખુબચંદ માણેકચંદ.

૪-૧૨ શેઠ. પનાલાલ પુનમચંદ.
૧—૩ શા જેઠાચંદ વસ્તાચંદ.
૧—૩ શેઠ. દયાચંદ મલુકચંદ.
૨—૬ શા ભીખા અંબાવીદાસ.
૨—૬ ડાકતર જમનાદાસ મેળચંદ.
૨—૬ શા દયાળદાસ કાળીદાસ.
૧—૩ શા. ઠાકરસી વેરસી.
૦-૧૪ શા. વસ્તાચંદ વીરચંદ.
૩—૯ કોઠારી. હાથીભાઈ મગનલાલ
૨—૬ શા. વાડીલાલ મોતીચંદ.
૧—૩ શા. લલું મોતીચંદ.
૨—૭ શા. નવલચંદ મોહનચંદ.
૧—૩ શા. વાલજી માણેકચંદ.
૧—૩ શા. અમુલખચંદ છોગમલ.
૨—૭ શા. શામજી જેચંદ.
૩—૯ શા. ઈંદરજી જુઠાભાઇ.
૧—૩ શા. સાકરચંદ લાલભાઇ.
૫-૧૫ શા. ગોકળભાઇ દોલતરામ.
૨—૬ શા. જેઠાલાલ કલાણજી.
૩—૯ શા. રતનશી પરશોતમ.
૧—૩ શા. જીવણ ચતુર.
૪-૧૨ શા. નગીનદાસ કપુરચંદ.
૨-૧૨ મારવાડી મગનજી કેરગજી.
૯—૮ શા. ભલું લખમીચંદ.
૪-૧૨ શા વીઠલદાસ મોતીચંદ.
૫—૦ ઝવેરી. ખુશાલચંદ ઉતમચંદ
૧—૩ શેઠ લાલભાઇ નથુ.
૧—૩ તલકચંદ જેઠા.
૧—૩ શા. મુળજી માણેકચંદ,
૨—૮ શેઠ. રતનજી વીરજી.
૩—૯ શા. છોટાલાલ પ્રેમજી.
૨—૬ શા. ઝવેરશા હરજીવન.
૩—૯ શા. નાનચંદ લાધા.
૨—૬ શેઠ રામજી માધવજી.
૨—૦ બાબુ છત્રસિંહજી દઢા.
૨—૬ શા. પ્રેમચંદ હીરાચંદ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧—૩ શા. મુળચંદ બલાખી.
૧—૩ શા. જાદવજી વેલજી.
૫-૧૫ શા. ઝવેરચંદ વછરાજ.
૨—૬ શા. હરખચંદ કપુરચંદ.
૪-૧૨ શા. કરસનદાસ હંસરાજ.
૨—૬ શા. જગજીવન કરસનજી.
૩—૯ શા. રૂપચંદ ઝવેરચંદ.
૨—૬ શા. મુળચંદ વીરજી.
૧—૩ શા. લલુભાઇ ડુંગરસી.
૨—૬ શા. મકનજી કાનજી.
૩—૯ શા. કાળીદાસ હીરાચંદ.
૧—૩ શા. કાળીદાસ જગજીવન.
૨—૬ શા. કપુરચંદ ઝવેરચંદ.
૩—૯ શા. કપુરચંદ દીપચંદ.
૮—૫ શા. પાનાચંદ રણછોડ.
૧—૩ શા. ફુલચંદ કચરા.
૧—૩ શા. અમરચંદ કાનજી.
૨—૭ સેઠ તલકચંદ માણેકચંદ.
૧—૩ શા. છગન ઝવેર.
૧—૪ શા. વાડીલાલ સાંકરચંદ.
૦-૧૨ શા. મેઘજી મોનજી.
૩—૯ શા. વલ્લભજી ચત્રભજ.
૧—૩ શા. વેલચંદ ગોગર.
૩—૪ શા. કેસરીચંદ ભાણાભાઇ.
૧—૩ શા. દલીચંદ ભાઇચંદ.
૧—૩ શા. મગનલાલ મલુકચંદ.
૧—૩ શા. છગનલાલ હરીચંદ.
૨—૬ શા. માણેકચંદ પાનાચંદ.
૨—૭ શા. ચોજાણુ દામજી.
૧—૩ શા જમનાદાસ લાલભાઇ.
૦-૧૪ શેઠ. રૂપાજી પ્રેમાજી.
૩—૯ શા. હરખચંદ કપુરચંદ.
૨—૭ શેઠ. પ્રેમચંદભાઇ રાયચંદ.
૨—૬ શા. સાકરચંદ ઈંદરજી.
૧—૩ શા. વીરચંદ ઝીણા.
૦—૫ શા. ગોરધન નાનજી.
૨—૬ શા. જેરામ ગીલા.
૧—૩ શા. વેલજી મોણુશી.
૨—૬ શા. મદનજી જેચંદ.
૩—૯ શા. કસ્તુરચંદ કસળચંદ.

૧—૩ શા. ભાઇચંદ નીયાળચંદ.
૩—૦ શા. સરૂપચંદ તારાચંદ.
૧—૯ શા. ચુનીલાલ મોતીચંદ.
૧—૪ શા. મુળચંદ અમરચંદ.
૨—૬ શા. શાંડાભાઇ ગોવીંદજી.
૫—૦ શા. નેમચંદ ખુબચંદ.
૧—૪ શા. પુનમચંદ કેશવજી.
૧—૩ શા. દુલભ કૃષ્ણાજી.
૩-૧૦ શા. પ્રેમચંદ જેચંદ.
૨—૮ શા. ચુનીલાલ ડાયાભાઇ.
૧—૩ શા. ઝવેરચંદ રાયચંદ.
૧—૩ શા. મોહનલાલ લખમીચંદ.
૧—૩ શા. રવચંદ અમીચંદ.
૧—૩ શા. કાળીદાસ મુળચંદ.
૩—૬ શેઠ. નાનચંદ રાઇચંદ.
૬—૦ શેઠ. ઝવેરચંદ કૃષ્ણાજી.
૨—૬ શા ડાયાભાઇ પાનાચંદ.
૨—૭ વૈદ તલકચંદ તારાચંદ.
૧—૩ શા. વ્રજદાસ હરીકીશનદાસ
૨—૬ ઝવેરી. ખીમાભાઇ મેળાપચંદ
૧—૪ શેઠ સુરચંદ નાનાભાઈ.
૨—૭ શા મગનભાઇ નગીનદાસ.
૧—૩ ડાકતર ધીરજરામ મહીપતરામ
૧—૩ શા સાકરચંદ તલકચંદ.
૧—૩ મારવાડી હીરાચંદ હરચંદ.
૧—૩ શા. મગનભાઇ રાયચંદ.
૨—૬ શા. રતનચંદ ભીખારીદાસ.
૧—૮ શા. જીવણજી ઠાકરસી.
૨—૬ શા. નાનચંદ પાનાચંદ.
૦—૭ શા. ફકીરચંદ મોતીચંદ.
૧—૩ શા. મગનલાલ ફકીરચંદ.
૪-૧૨ શા. લખમીચંદ વીરચંદ.
૮—૬ શા તારાચંદ અમીચંદ.
૧—૩ શા. દયાળચંદ પાનાચંદ.
૦—૭ શા, ખુબચંદ નાનચંદ.
૦—૭ શા. રતનચંદ હીરાચંદ.
૩-૧૦ શા. તારાચંદ હીરાચંદ.
૧—૩ શા. નગીનદાસ વમળચંદ.
૪-૧૨ શા. દીપચંદ ઉદેચંદ.
૧—૩ શા. મોહનલાલ લખમીચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨—૬ શા. અનોપચંદ લખમીચંદ.
૨—૬ ઝવેરી. હીરાચંદ ઇશ્વરદાસ.
૨—૬ સાંકરચંદ ખુબચંદ.
૧—૩ ગાંધી ખુશાલદાસ ગુલાબચંદ
૨—૬ શા. નેમચંદ એચરદાસ.
૩—૧૦ શા. નરોતમ વીઠલદાસ.
૧—૩ શા. નાથાલાલ લખમીચંદ.
૪—૧૩ શા. મનસુખરામ અમરતલાલ
૫—૫ શા. છોટાલાલ લાલભાઇ.
૨—૬ ઝવેરી ભુરાભાઇ લાલભાઇ.
૨—૬ ઝવેરી ખીમચંદ મુળચંદ.
૦—૧૦ મોદી ચુનીલાલ લલુભાઇ.
૨—૬ પરી ગોધાભાઇ પ્રેમચંદ.
૭—૦ પરી જેહાભાઇ હેમચંદ.
૦—૯ શા. મંછારામ લલુભાઇ.
૧—૩ શેઠ. દલપતભાઇ ભગુભાઇ.
૧—૩ શા. ચુનીલાલ ફતેહચંદ.
૧—૦ શા. છગનલાલ લલુભાઇ.
૧—૩ સેઠ. વાડીલાલ પાનાચંદ.
૨—૬ શા. ભગુભાઇ છગનલાલ.
૧—૬ શા. ચુનીલાલ વખતચંદ.
૧—૩ શા. મનસુખલાલ મગનલાલ
૧—૩ શા. પાનાચંદ માણેકચંદ.
૪—૧૪ શા. ખોપટલાલ મનસુખ.
૧—૩ શેઠ મોહનભાઇ મગનભાઇ.
૧—૩ શા. છગનલાલ ગોપાળદાસ.
૧—૩ શા ડાયાભાઇ સાંકળચંદ.
૧—૩ શા. છોટાલાલ મનસુખરામ.
૦—૧૧ શા. મગનલાલ છગનલાલ
૧—૩ શા. મોતીલાલ વીરચંદ.
૪—૧૨ શા. મંગળદાસ લલુભાઇ.
૧—૩ શા. હઠીશંગ રાયચંદ..
૧—૩ શા. ગોકળદાસ જમનાદાસ.
૧—૩ શા. વાડીલાલ રતનચંદ.

૨—૬ શેઠ. મનસુખભાઇ ભગુભાઇ
૧—૩ શા. વાડીલાલ હરગોવન.
૧—૩ શા. હીરાચંદ સુજાણ.
૧—૩ બાઇ ચંપા.
૪—૧૨ શા. મગન ચતુર.
૨—૦ શા. રાઇચંદ સોમજી.
૧—૦ શા. કેવળ હેમચંદ.
૬—૯ ગાંધી ન્યાલચંદ ગોડીદાસ.
૦—૮ પટવા ગેલા છગન.
૦—૮ શા. મુળચંદ વરધમાન.
૨—૬ શા. છોટાલાલ જેસંગભાઇ.
૫—૬ શા. જાદવજી રતનશી.
૧—૧૦ શા. ઉમેદ એચર.
૨—૬ શા. વેલચંદ દેવચંદ.
૧—૭ શા. હેમચંદ જોઇતા.
૦—૭ શા ડાયા ગુમાનચંદ.
૦—૧૧ શા. મોતીલાલ રતનચંદ.
૧—૩ શા. ઓતમચંદ ખુશાલચંદ.
૧—૩ શા. નગીનદાસ ઝવેર.
૦—૭ શા. અમરચંદ ન્યાલચંદ.
૪—૧૨ શા. દેવચંદ જોઇતા.
૪—૧૨ શા. રગજી હેમચંદ.
૦—૧૩ શા સાકરચંદ પુંજા.
૦—૧૩ શા. જેઠીરામ અમીચંદ.
૧—૦ શા. કચરા કસ્તુર.
૧—૩ શા ખીમચંદ મહોકમચંદ.
૧—૨ પરી. ત્રીકમદાસ હરચંદ.
૨—૬ શા. હરચંદ જેચંદ.
૧—૩ શેઠ. ડોસાભાઇ વીરજી.
૧—૩ શા. પ્રેમચંદ કેશવજી.
૪—૨ શા. ડોસનજી ચાંપસી.
૨—૭ શા. સુંદરજીભાઇ હીરાચંદ.
૨—૭ શા. ઉકા તારાચંદ.
૩—૯ સલોત છગનલાલ મુળચંદ

---

**બાકીના ગ્રાહકોએ લવાજમ તાકીદે મોકલાવવું.**
**પત્ર લખાવીને ફોગટ જ્ઞાન ખાતે ખર્ચ**
**કરાવવો એ ઘટીત નથી.**

For Private And Personal Use Only